**કલેઈમ પરચુરણ (પેમેન્ટ અરજી) અરજી નં. ૪૩/૨૦૨૬ ના કામે આંક–૧ તળેનો હુકમ... (કલેઈમ કેસ નં. ૫/૨૦૧૯)**

આ કામમાં અરજદારની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં રહેલ મૂળ કલેઈમ કેસ નં. ૫/૨૦૧૯ નું કામ ગઈ તા. ૮–૩–૨૦૨૫ ના રોજ ફેસલ થતાં જે કલેઈમના કામના એવોર્ડની ખરી નકલ અરજીના કામે રજુ થતાં, તે વંચાણે લીધા. જયારે હાલની પેમેન્ટ અરજી દાખલ થતાં, જે તા. ૨૩–૨–૨૦૨૬ રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે. અને સદર અરજી રજીસ્ટરે લીધા બાદ સદરહું અરજીના કામે એવોર્ડ મુજબની રકમ જમા લીધા સબંધે નાઝીરશ્રી ડિસ્ટ્રીકટ કોર્ટ, પોરબંદરનો તા. ૨૭–૨–૨૦૨૬ ના રોજનો શેરો વંચાણે લેતા અને નાઝીરશ્રી ધ્વારા અરજીના કામે હિસાબી કામકાજને લગતા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધેલ. સદરહું કલેઈમ અરજીના કામે સામાવાળા સબંધીત સામાવાળાના વિ.વકીલશ્રી ધ્વારા કલેઈમના કામે વળતરની રકમ એવોર્ડના હુકમ મુજબ અરજદારને ચુકવવા સામે વાંધો ન હોવા અંગે આંક–૧ નીચે શેરો કરી જાહેર કરેલ હોય, તેમજ હાલના કામે એવોર્ડ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે કોઈ રીટ દાખલ થયેલ નથી તે અન્વયે એડી. એમ.એ.સી.ટી. બ્રાન્ચના ડે. રજીસ્ટ્રારશ્રીનો શેરો વંચાણે લીધો. આ કામે કલેઈમ જુનો હોય જેથી ઉપરોકત હકીકતો ધ્યાને લેતા તેમજ આ કામે એવોર્ડ મુજબ જમાં થયેલ રકમ રૂા. ૬૧,૭૩૭/– હાલની અરજીના અરજદારને યોગ્ય ઓળખાણ અને આધાર પુરાવા લઈ એકાઉન્ટ પે ચેકથી ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે. હુકમ મુજબ નાઝીરશ્રીએ અમલવારી કરવી. જરુરી યાદી કરવી.

તા. ૧૩/૦૩/૨૦૨૬.
મું. પોરબંદર.

(પી.એચ. શર્મા)
મોટર એકસી. કલેઈમ ટ્રિબ્યુનલ (ઓકઝી.) અને
એડિશ્નલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
પોરબંદર.